ઉના

# ચરિત્રમાંથી મળતો બોધ.

લેખક: અમૃતલાલ સુંદરજી પઢીઆર.

પ્રકાશક:—

મણિશંકર દ્વિવેદી.

# શ્રી સુદામાજીનાં

# ચરિત્રમાંથી મળતો બોધ.


પ્રત. ૧૦૦૦

સંવત. ૧૯૭૦

પ્રકાશકઃ—

મણિશંકર દ્વિવેદી.

નડીઆદ

"ન્યુ" ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ.

# પ્રસ્તાવના.

બંધુઓ,

મ્હોટાં સ્ટેશનો અને યાત્રાઓનાં સ્થળોમાં "નવો જમાનો" અને બાપ દિકરાની લઢાઈ વર્ણવતી વાર્તાઓની ચોપડિયોની સેંકડો નકલોનૂં વેચાણ થાય છે આ ઉપરથી એટલૂં તો સાબીત જ થાય છે કે લોકોને કંઈ વાંચવાનૂં તો જોઇએ છે પણ વાંચનની કીંમત નહીં હોવાથી અને સારી ચોપડિયો સસ્તી કીંમતે નહીં મળતી હોવાથી તેઓ એવી નકામી ચોપડિયો ખરીદે છે.

આ જોઈ મ્હને એમ લાગ્યું કે જો કોઇ સાદી, સરળ ભાષામાં લખાએલ સમયને અનુકુળ વાંચન તેઓની સમક્ષ ધરવામાં આવે તો ત્હેનો સત્કાર અવશ્ય થાય એમાં ફેર નહીં.

આ વિચાર પકવ થતાં રા૦ રા૦ આપણા લોકપ્રિય લેખક અમૃતલાલ સુન્દરજી પઢીયારને ત્હેમનો "સુદામાજી ના જીવનચરિત્રમાંથી મળતો બોધ" એ નામનો લેખ બહાર પડવાની મ્હારી ઇચ્છા પ્રદર્શિત કરી અને એ સજ્જને મ્હને તેમ કરવાનાં છુટ આપી તે માટે એમનો હૂં ખરા જીગર પૂર્વક આભાર માનૂંછું. ૐ!

આજ કાલ હિન્દુસ્તાનમાં મદ્રાસ, સુરત, વગેરે ઠેકાણેનાં "ક્રિશ્ચન મિશન પ્રેસ" પોતાની એક આના અને એક પૈસા સિરિઝનું વેચાણ કરી રહેલ છે તે આપણ સર્વને માલુમ જ છે. આપણા ગુજરાતમાંથી કોઇ ઉત્સાહી બન્ધુ બહાર નીકળી આવી હાલું કામ ઉપાડી લઇ સારૂં અને સસ્તૂં વાંચન સામાન્ય પ્રજાને પુરૂં પાડશે તો ખરેખર એ એક પરમાર્થનૂં મહાન્ કાર્ય કહેવાશે.

અન્તમાં ગુજરાતની શ્રદ્ધાળુ અને ભક્ત પ્રજાને યાત્રાઓનાં સ્થળોમાં જઈ ઉપર કહેલાં નીચ પ્રતિનાં પુસ્તકોને પ્રાધાન્ય નહીં આપવા મ્હારી નમ્ર અરજ છે. અને ત્હેને બદલે કંઇ બોધદાયક પુસ્તક તેઓના હાથમાં મુકવામાં આવે ત્હેનો સ્વીકાર કરશે એવી આશા છે. ૐ!

પહેલો જ પ્રયત્ન છે માટે જો કંઇ દોષ રહી જતો હોય તો સુજ્ઞ વાચક તે ક્ષમી લેશે એવી વિનતી સાથે—

શ્રાવણ શુકલ એકાદશી
નડિયાદ.

મણિશંકર દ્વિવેદી.
પ્રકાશક.

# શ્રી

# સુદામાજીના ચરિત્રમાંથી મળતો બોધ.

---

મહાત્માઓનાં ચરિત્રો જાણવાથી, સાંભળવાથી, અને તે વિચારવાથી આપણી જીંદગીમાં એક નવા જાતની ભભક આવે છે, આપણા આત્મામાં એક નવી જાતનું બળ આવે છે, આપણી બુદ્ધિને નવો ખોરાક મળે છે, આપણું મન વિશાળ થાય છે અને આપણી લાગણીઓમાં ઉત્તમ પ્રકારની ઝમઝમાટી આવી જાય છે. કારણ કે મહાત્માઓનાં જીવનચરિતો જાણવાથી તેઓને શું શું અડચણો આવી હતી? એ અડચણો શા માટે આવી હતી? અને એ અડચણોમાંથી શા ઉપાય કરવાથી તેઓ છુટી શક્યા? તે બધી અનુભવી કુંચીઓ આપણને મળી જાય છે તેથી આપણી જીંદગીમાં નવું જોર આવે છે. કારણ કે મહાત્માઓનાં, ભક્તોનાં અને જ્ઞાનીઓનાં તથા હરિજનોનાં ઉત્તમ જીવન ચરિત્રો છે તે દીવાદાંડી રૂપ છે. એના પ્રકાશને લીધે આપણે ઘણુંયે કરી શકીએ છીએ. માટે અસલના વખતના મહાન ભક્તોનાં તથા હાલના વખતના મહાન્ મનુષ્યોનાં

જીવનચરિતો જાણવાં અને તેમાંથી આપણને લાગુ પડે તેવી કુંચીઓ આપણે મેળવવી એ આપણી ખાસ ફરજ છે, અને એ જીંદગી સુધારવાનો ઉત્તમ ઉપાય છે. માટે આજે મહાત્મા શ્રી સુદામાજીના જીવનચરિત્રમાંથી સમજવા જેવી કેટલીક બાબતો હું કહેવા ઇચ્છું છું.

મહાત્મા સુદામાજીમાં એટલી બધી ભક્તિ હતી, એટલું બધું જ્ઞાન હતું, એટલું બધું નિસ્પૃહીપણું હતું કે તેનાં જેટલાં વખાણ કરીએ તેટલાં થોડાં છે. મોટા મોટા કવિઓ, પંડિતો અને ભક્તોએ સુદામાજીનું ચરિત્ર વર્ણવીને તેમાંથી પોતાના આત્માનું ઘણુંએ કલ્યાણ કરેલું છે. એટલુંજ નહીં પણ દરેક દરેક હરિકથા કરનારાઓ વારંવાર ઠેકાણે ઠેકાણે સુદામાજીના ચરિત્રનું રસિક અને અસરકારક વર્ણન કર્યા કરે છે અને તેથી તે સાંભળનારા હજારો માણસોને આનંદ થયા કરે છે.

હવે આપણે વિચાર કરવો જોઈએ કે જે મહાન્ ભક્તનું ચરિત્ર ઘેર ઘેર હોંસે હોંસે ગવાય છે અને જે બીજા ઘણાએ ભક્તો કરતાં ઘણી બાબતોમાં શ્રેષ્ઠ છે તે શ્રીકૃષ્ણ ભગવાનના મિત્ર અને તેમની સાથે અભ્યાસ કરનારા પવિત્ર બ્રાહ્મણ ભક્તરાજ સુદામાજી અતિશય દરિદ્રી કેમ રહ્યા? એ સવાલ વિચારવા જેવો છે. એ માટે સુદામાચરિત્રમાં એમ કહેલું છે કે એક વખત શ્રીકૃષ્ણ ભગવાન્ તથા

સુદામાજી ગુરૂના યજ્ઞ સારૂ કાષ્ટ લેવા માટે જંગલમાં ગયા હતા એ વખતે વરસાદ તથા વાવાઝોડાને લીધે તેઓ વખત સર ઘેર આવી શકયા નહીં અને બન્ને બાલકો ન્હાની ઉમરના તેથી ભુખ પણ બહુ લાગેલી હતી. પણ જ્યારે તેઓ જંગલમાં જવા ગુરૂને ઘેરથી નીકળ્યા ત્યારે ગુરૂ પત્નીએ થોડા દાળીઆ સુદામાજીને આપ્યા હતા. અને કહ્યું હતું કે કૃષ્ણ તથા તમે બન્ને જણા તે ખાજો પણ એ વાતના એ વખતે શ્રીકૃષ્ણને ખબર નહોતી. એ પછી સુદામાજીને જ્યારે બહુ ભૂખ લાગી ત્યારે તે પોતે એકલા દાળીઆ ખાઈ ગયા અને તેમાંથી શ્રીકૃષ્ણને ભાગ આપ્યો નહીં એ ભૂલને માટે, એ પાપને માટે સુદામાજી દરિદ્રી રહ્યા હતા.

ભાઇઓ અને બ્હેનો! હવે આપણે વિચાર કરવો જોઇએ કે સુદામાજી બાલક હતા અને વળી ભૂખ લાગી હતી એટલુંજ નહીં પણ ત્હેમની પાસે કંઇ ઝાઝો માલ નહોતો પણ માત્ર મુઠી દાળીઆ જ હતા અને તે પણ કોઇકના આપેલા હતા તેમાંથી પોતાના દોસ્તને ભાગ ન આપ્યો—પ્રભુને ભાગ ન આપ્યો તે સારૂં તેને મહા દરિદ્રી રહેવું પડયું. માટે હવે વિચાર કરો કે આપણે તો મ્હોટી ઉમ્મરના છીએ, સમજુ છીએ, સારાં સાધનો વાળાં છીએ, અને ઘણી જાતની સગવડો અને અનુકુલતાવાળા છીએ અને તેમ છતાં જો આપણે પ્રભુને અર્થે આપણા બંધુઓને કાંઇ પણ નહીં

આપીએ તો આપણા શું હાલ થશે એ જરા વિચાર તો કરો! કારણ કે વરસાદ આવતો હતો અને ઘેર જવાય તેમ નહોતું. વળી જંગલમાં હતા, બાલક હતા, બહુ ભૂખ લાગી હતી અને સીલીકમાં માત્ર મૂઠી ચણા હતા તેમાંથી ભાગ ન આપ્યો તે સારૂં પણ જ્યારે દરિદ્રી રહેવું પડયું, ત્યારે છતાં સાધનોએ જો આપણે ભલાઈ નહીં કરી શકીએ અને આપણા બંધુઓનુ ભલું નહીં કરીએ તો આપણા શું હાલ થશે તે જરા વિચાર તો કરો!

સુદામાજીમાં અતિશય ભક્તિ હતી છતાં પણ માત્ર થોડા ચણા પોતાના બંધુને પોતાના પ્રભુને ન આપ્યા માટેજ તેઓ દરિદ્રી રહ્યા તેનું કારણ શું? તેનું કારણ એજ કે મહાત્માઓનો એવો સિદ્ધાન્ત છે અને શાસ્ત્રની એવી આજ્ઞા છે કે જ્યાં સુધી માણસો બીજા માણસોની સાથે ભલાઇ ન રાખે અને ભક્તિનો કે પ્રભુ પ્રેમનો દાવો કરે, તેઓ જુઠા છે કારણ કે બાપ સાથે હેત રાખીએ અને તેનાં છોકરાંઓ ઉપર વેર ઝેર રાખીએ એ કાંઇ ખરી ભક્તિ કહેવાય નહીં. પણ જ્યારે પ્રભુના બનાવેલા સૌ જીવોની ઉપર અતિશય હેત આવે અને સૌની સાથે પોતાની સ્થિતિના પ્રમાણમાં તથા પોતાની શક્તિના પ્રમાણમાં હેત રાખતાં આવડે ત્યારેજ ભક્તિ ફળીભૂત થઇ શકે છે.

બંધુઓ! ઘણા માણસો એમ કહે છે કે અમારી પા

સે. જો બહુ ધન હોત તો અમે ઘણુંએ ખરચત. ઘણાં માણુસો એમ કહે છે કે જો અમારામાં બહુ વિદ્યા હોત તો અમો બીજાઓને શીખવત. ઘણા માણુસો એમ કહે છે કે જો અમારી પાસે સત્તા હોત તો અમો ઘણુંએ કરત. પણ એ બધાં બહાનાં કંઈ કામનાં નથી એમ આપણુને મહાત્માશ્રી સુદામાજીનું ચરિત્ર શીખવે છે. અને એમ સમજાવે છે કે મોટી મોટી આશાઓ રાખ્યા કરવી અને ખોટી ખોટી વાટ જોયા કરવી એ કંઇ તમારૂં કામ નથી. પ્રભુએ હમણાં જે કાંઇ તમને આપેલું છે તેમાંથી તમારી શક્તિના પ્રમાણુમાં અને તમારી સ્થિતિના પ્રમાણુમાં દેશકાળ સ્હામું જોઇ તમારે આપવું જોઇએ. માત્ર મુઠી ચણા હોય તો એમાંથી પણ થોડો ભાગ પ્રભુને અર્થે આપણા બંધુઓને આપણે આપવો જોઇએ. કારણ કે આપણુને જે ચીજો પ્રભુએ આપી નથી તેનો મોટો હિસાબ તે કાંઇ આપણી પાસે માગવાના નથી. પણ કૃપા કરીને જે વસ્તુઓ તથા જે શક્તિઓ આપણુને આપેલી છે તેનોજ હિસાબ પુછશે. અને એવી રીતે જોતાં જ આપણે તળાવ ન ખોદાવાં શકીએ કે નહેરો ન બંધાવી શકીએ તોપણ તરસ્યા મુસાફરને પાણી પાઇ શકીએ તેમ તો છીએ. આપણે બહુ ભણેલા ન હોઇએ તેથી કોઇને કાંઇ ઝાઝુ ન શીખવી શકીએ, તોપણ છોકરાઓને આંકની પાટ હેતાં કે કક્કો બા-

રાખડી લખતાં શીખવી શકીએ તેમ છીએ. આપણે નવી સ્કુલો કે પાઠશાળાઓ ન ખોલી શકીએ પણ આપણા પાડોશમાં જે વિદ્યાર્થી ભણી શકે તેવા છે તેઓની ચોપડી, ફી કે સલાહ આપી શકીએ તેમ છીએ; પણ એટલું આપણાથી ક્યાં બને છે? આપણે જાણીએ છીએ કે વિદ્યા એ બહુ ઉત્તમ વસ્તુ છે અને જ્ઞાન વિનાનું જીવન એ પશુઓના જેવી જીંદગી છે, એટલુંજ નહીં પણ આપણે એમ પણ સમજીએ છીએ કે જ્યારે સ્ત્રીઓ સુધરશે ત્યારે આપણા દેશની, આપણા ધર્મની, આપણા ઘરની, તથા ભવિષ્યની પ્રજાની ખરેખરી ઉન્નતિ થઇ શકશે. પણ તેમ છતાં આપણે આપણી બહેનોને, આપણી દિકરીઓને, આપણી સ્ત્રીઓને અને આપણી માતાઓને ભણાવવાની કાળજી ક્યાં રાખીએ છીએ? જે અજ્ઞાની હોય તેને ધર્મ સમજાવવો એ બહુ મોટા પુણ્યની વાત છે અને એ આગમાંથી બચાવવા જેવું કામ છે છતાં પણ આપણે આપણા બંધુઓને તેઓનો ખરો ધર્મ ક્યાં બતાવીએ છીએ? બેશક ઘણી બાબતોમાં આપણે ઘણુ એ જાણીએ છીએ! અને તેમ છતાં અફસોસ છે કે આળસને લીધે, માન અપમાનને લીધે, બેદરકારીને લીધે, તથા પોલમ પોલમાં પડયા રહેવાની ટેવને લીધે આવી જાતની ઉત્તમ તકો વિના કારણે ગુમાવીએ છીએ. પણ મહાત્મા સુદામાજીના ચરિત્ર પરથી આપણે

શીખવું જોઇએ કે જયારે મૂડી ચણાનો હિસાબ પણ આં-પવો પડયો અને તેમાં ગફલતી થઇ તેથી તેઓને મહાન્ દરિદ્રતા ભોગવવી પડી ત્યારે આપણાં આ બધાં કામોમાં આટલી બધી બેદરકારી રહે છે તેનું પરિણામ શું આપણને નહીં ભોગવવું પડે? સુદામાજીને માટે જુદો કાયદો અને આપણા માટે જુદો કાયદો એવો કાંઈ આપણી પાસે ઠરાવ છે? નહીં. ભાઇઓ, પ્રભુનો કાયદો સૌને માટે એક સરખોજ છે.

આપણે જેટલો જોઇએ તેટલો પરમાર્થ કરી શકતા નથી એનું એક મુખ્ય કારણ એ છે કે આપણે સારા વખતની વાટ જોયા કરીએ છીએ; જેમકે કોઇ છોકરાંઓ આવવાની વાટ જોયા કરે છે અને એમ ધારે છે કે દીકરો આવશે ત્યારે એની ખુશાલીમાં ફલાણું કાર્ય કરીશું; કોઇ એમ ધારે છે કે માબાપો મરી જાય અને સ્વતંત્ર થઇએ ત્યારે બધું કરીશું, કોઈ એમ ધારે છે કે પેનશન્ લઇશું પછી વાત, કોઇ એમ ધારે છે કે તિર્થમાં જઇશું ત્યારે વાત. કોઇ એમ ધારે છે કે ઘરડાં થઇશું ત્યારે કંઈક કરીશું; કોઈ એમ ધારે છે કે આ નોકરીની પીડામાંથી છુટીશું ત્યારે કંઇક કરીશું કોઈ એમ ધારે છે કે આ ગામ નાલાયક છે કોઇ બીજે ગામ જઇશું ત્યારે વાત.

કોઇ એમ ધારે છે કે આ અમલદાર બહુ કહો છે તેની બદલી થઇ જાય પછી વાત અને અને કોઇ એમ ધારે છે કે વીલમાં લખી જઈશું તે છોકરાંઓ કે ટ્રસ્ટીઓ કરશે આવી આશામાં ને આશામાં માણસો રહી જાય છે અને હાથમાં આવેલી અમૂલ્ય તકોને ગુમાવી દે છે; તેથી માણસ પરમાર્થનાં કામો કરવામાં પાછળ રહી જાય છે પણ મહાત્મા સુદામાજીના ચરિત્ર ઉપરથી જાણવું જોઇએ કે ચપટી ચોખાની આપતાં વાર લગાડી ત્યાં સુધી દરિદ્રી રહ્યા. ત્યારે આપણે હાથમાં આવેલી આટલી બધી તકો ગુમાવી નાંખીએ તેના શું હાલ થશે એ જરા વિચાર તો કરો ! અને સાથે એ પણ વિચાર કરજો કે સુદામાજી શ્રી કૃષ્ણ ભગવાનના મિત્ર હતા અને સાથે ભણનારા હતા છતાં પણ તેઓના એવા હાલ થયા ત્યારે આપણે તો હજુ પ્રભુથી કેટલા બધા દૂર છીએ માટે આપણા કેવા હાલ થવા જોઇએ તે જરા ખ્યાલ તો કરો ! પરમાર્થને ખાતર, ભ્રાતૃભાવને ખાતર, અને પ્રભુના બાળકોની સેવા કરવાને ખાતર પરમાર્થી સજ્જનો કેટલું બધું અપમાન સહન કરે છે એ તમે જાણોછો ? એ માટે એક જાણવા જેવી વાત છે અને તે એ કે:—એક ગરીબ પણ ભલો માણસ નિરાધાર છોકરાંઓ માટે આશ્રમ બંધાવવા સારૂ ફાળો ભરાવતો હતો. તે કામ માટે તે એક દિવસ

એક શ્રિમંત શેઠિયાને ઘેર ગયો. એ વખતે રજાનો દિવસ હોવાથી તે શેઠીઆના બીજા ઘણા મિત્ર ત્યાં આવેલા હતા અને તે સૌ બેઠા બેઠા ચોપાટ રમતા હતા. એટલામાં આ પરમાર્થી માણુસ ફાળો ભરાવવા માટે ત્યાં ગયો તેને જોઇને તે તુમાખી શેઠીઆઓને એમ લાગ્યું કે આ પીડા વળી અહીં કયાંથી આવી. ભીખ માગવા આવ્યો હશે અને અમારી રમતમાં ભંગ પડશે એમ ધારીને તેણે તે ભલા માણુસને બહુ તુચ્છકારથી કહ્યું કે નીકળ અહીંઆંથી. કોના હુકમથી અહીં આવ્યો છે? તો પણ પેલો પરમાર્થી માણુસ ત્યાંથી ખસ્યો નહીં. અને પોતાના હાથમાં રાખેલો ફાળો તે શેઠીઆઓના હાથમાં આપવા લાગ્યો એટલે તે શેઠીઆએ તે ફાળાનો ગોટો વાળીને ફેંકી દીધો. ત્યારે તે ભલા માણસે ફાળો ઉચકી લીધો અને આટલું બધું અપમાન ખમ્યા છતાં નમ્રતા પૂર્વક હાથ જોડીને તે શેઠિયાને કહેવા લાગ્યો કે મુરબ્બીજી આ ફાળો એમ ફેંકી દેવા જેવો નથી, જરા જુઓ તો ખરા. એમ કહીને વળી પાછો તે ફાળો એ શેઠની આગળ ધર્યો ત્યારે તે રમનારા શેઠીઆઓમાંથી આટલી વાર લાગવાથી અને રમતની બાજીમાંથી બીજે ઠેકાણે મન ખેચ્યું તેથી ગુસ્સે થઇ ગએલો જુવાન શેઠીઓ તે ભલા માણુસ પર થું કયો, તો પણ તે પરમાર્થી સજ્જન ત્યાંથી ખસ્યો નહીં.

અને ફરી ફરીથી અરજ કરવા લાગ્યો કે સાહેબ આ કામ એવું છે કે એમાં આપે કાંઇક પણ આપવું જોઇએ ત્યારે તે શેઠીઆએ કહ્યું કે ત્હને હમણાં આપ્યું તે જોયું નહીં? એટલે કે ત્હારા પર થુંકયા પણ ત્હને શરમ નથી લાગતી ત્યારે તે ભલા માણસે કહ્યું કે માબાપ એ થુંક તો મને મળ્યું પણ આ ફાળામાં તો કાંઇક આપો. ત્યારે ત્હેહાં બેઠેલા શેઠીઆઓમાંથી એક શેઠીઆએ કહ્યું કે લાવ, લાવ, જોઇએ શાનો ફાળો છે. પછી ફાળો જોઇને કહ્યું કે ઓહો! ત્હમે બહુ ભૂલ કરોછો. આ ફાળો તે કાંઇ પોતાને માટે લાવ્યો નથી. પણ આ તો માબાપ વગરનાં ગરીબ નિરાધાર છોકરાંઓ માટે માગવા આવેલો છે માટે આપણે ત્હેને કંઇક આપવું જોઈએ. એ સાંભળીને બધા શેઠીઆઓ જરા શરમાઈ ગયા અને પોતાની જે ભૂલ થઇ હતી તે સુધારવા માટે બધાઓએ બહુ મોટી મોટી રકમ એ ફાળામાં ભરી આપી.

બંધુઓ! પરમાર્થને ખાતર ભલા માણસો આટલી હદ સુધી અપમાન સહન કરે છે કારણ કે તેઓનો એવો સિદ્ધાન્ત હોય છે કે—

દોહરો.

દેહી ધારે કો એહી ફળ, દેહ દેહ કુછ દેહ;
દેહ ખેહ હો જાયગા, ફિર કૌન કહેગા દેહ.

આ સિદ્ધાન્ત પ્રમાણે જ્ઞાનીઓ, ભક્તો, અને હરિજનો ચાલે છે, કારણ કે તેઓ ચોખ્ખી રીતે એમ સમજે છે કે મોડા વહેલું આપણે મરી જવું છે અને કંઈ પણ સાથે આવે તેમ નથી. ખાલી હાથે આવ્યા છીએ અને ખાલી હાથે પાછા જવું પડશે; માટે હાથે કરીને જેટલું કરી લઈએ તેટલુ આપણા બાપનું છે અને છતાં સાધનોએ જો હાથ ન ઠારીએ તો પછી અન્તે દુઃખી થવું પડે અને પસ્તાવું પડે કારણ કે મહાત્મા સુદામાજી જેવા મહાન ભક્તને બાલક અવસ્થામાં મુઠી ચણા ન આપવા માટે જ જ્યારે દરિદ્રતા ભોગવવી પડી ત્યારે ઘણી જાતની અનુકુળતાઓ છતાં પણ જો આપણે આપણા ભાઇબંધો તરફ બેદરકારી રાખીએ તો એના બદલામાં નરકનાં દુઃખો ભોગવવાં પડે એમાં શું નવાઇ?

સુદામાજીના ચરિત્રમાંથી જે બીજી મુખ્ય બાબત સમજવા જેવી છે તે એજ કે દુઃખમાં માણસની કસોટી થાય છે પણ સુખમાં ખરી ખબર પડતી નથી માટે દુઃખની વખતે જે ધીરજ રાખી શકે તેનીજ બલીહારી છે. એ માટે પ્રભુએ પણ કહેલું છે કેઃ—

मात्रा स्पर्शास्तु कौंतेय शीतोष्ण सुख दुखदा।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ॥

હે અર્જુન! ઇંદ્રીઓને વિષયોની સાથે સંબંધ થાય એટલે કે ઇંદ્રીઓ વિષયોને ભોગવે તે ભોગથી ટાઢું ઉનું વગેરે જે અસરો થાય તે અસરો સુખ અને દુઃખ આપનારી છે અને તે ભોગો તથા તેથી થતાં સુખ અને દુઃખ આવે અને જાય એવો સ્વભાવવાળાં છે એટલુંજ નહીં પણ તે થોડીજ વાર રહેનારાં છે માટે હે અર્જુન તું તિતિક્ષા સહન કર એટલે કે બધી જાતનાં દુઃખોની સ્હામે થયા વિના, ચિન્તા રાખ્યા વિના, અને દિલગીર થયા વિના તું તે ખમી લે.

यं हि न व्यथयन्त्येते पुरुषर्षभ ।

समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥

अ० २ श्लो० १५

હે પુરૂષોમાં શ્રેષ્ટ! ઇંદ્રીઓને વિષયોના સમ્બધિથી ઉત્પન્ન થતાં સુખ દુઃખ જેને સમાન છે અને એ સુખ દુઃખ જેને પીડા કારી થતાં નથી; તે પુરૂષ મુક્તિ મેળવવાને યોગ્ય છે.

કોઇ ઘણાએ યગ્નો કરે છે, તપ કરે છે, દાન કરે છે, બ્રાહ્મણોને દાન કરે છે તથા હરિના સ્મરણની માળા ફેરવે છે. આવી રીતે ઘણા માણુસો પોતાની સ્થિતિના પ્રમાણમાં તથા પોતાની શક્તિના પ્રમાણમાં અને આસપાસના સંજો-

પ્રેમના પ્રમાણુમાં કાંઇ કાંઈ કર્યા કરે છે છતાં પણ તેઓને જેવું જોઇએ તેવું મોટું ફળ મળતું નથી, એનું કારણ શું ? શું આ બાબત વિચાર કરવા જેવી નથી ? જરૂર એ બાબત ખાસ વિચારવા જેવી છે. કારણ કે માત્ર મૂઠી તાંદુલના અર્પણથી સુદામાજીના ઝુંપડાં મટીને સોનાના મહેલ બની ગયા અને આપણા શેઠીઆઓ મંદિરોમાં હજારો અને લાખો રૂપિયા ખર્ચે તેમ છતાં તેઓનાં દેવાળાં નીકળી જાય, એ શું વિચારવા જેવી વાત નથી ?

સુદામાજીના સડેલા કપડામાં બાંધેલા ને ભીખ માગી આણેલ ચપટી ચોખા પણ પ્રભુ પ્રેમ પૂર્વક કબુલ કરે અને આપણી આરસની લાદીઓ, સોનાના કળશો, મોટાં મંદિરો, સુન્દર મૂર્તિઓ, સેંકડો રૂપિયાના રાજભોગો અને હજારો બ્રાહ્મણોની ચોરાશીઓ પણ પુરેપુરા પ્રેમથી પ્રભુ કબુલ ન કરે એનો ભેદ શું સમજવા જેવો નથી ? જરૂર એ બાબત જાણવી જોઇએ, કારણ કે જો એ જાણી શકાએ તો તેથી આપણું જીવન સુધરી શકે છે. માટે સુદામાજીના ચરિત્રમાંથી આ ભેદ પણ આપણે સમજવો જોઇએ, એ માટે મહાત્માઓ આપણને સમજાવે છે, કે જે પ્રેમથી, જે તન્મયતાથી અને જેવા ભાવથી પ્રભુને અર્પણ કરવું જોઇએ તેવા પ્રેમથી, તેવી તન્મયતાથી અને તેવા ભાવથી પ્રભુને અર્પણ કરતાં આપણને આવડતું નથી.

કારણ કે ભક્તિના ઉંડાણમાં ઉતર્યા વિના આપણે તો માત્ર દેખા દેખીને લીધે માન પાન મેળવવાની આશાને લીધે દુનિયામાં સારા તથા મોટા ગણાવાને લીધે અને કાંઈક લાભે લોભે થોડી ઘણી સેવા કરીએ છીએ તેથી તેનું જેવું જોઇએ તેવું ફળ મલતું નથી. એટલુંજ નહીં પણ આપણને પ્રભુએ જયારે એક રૂપિયો આપ્યો હોય, ત્યારે તેમાંથી એક પાઇ કે એક દોઢીયુ અથવા એક બદામ કે એક કોડી ખર્ચીને મનમાં મફતના મલકાયા ક રીએ છીએ પણ આપણે આપણી સ્થિતિના પ્રમાણમાં, દેશકાળના પ્રમાણમાં, તથા આપણી સમૃદ્ધિના પ્રમાણમાં કાંઇ કરતા નથી; પણ સુદામાજીએ તો પોતાની પાસે કાંઇ નહીં હોવાથી ભીખ માગીને પ્રભુને અર્પણ કર્યું હતું માટે તે ન્હાના અર્પણમાંથી પણ મોટો લાભ મલ્યો હતો. એટલુંજ નહીં પણ જો આપણે પણ એવી રીતે અર્પણ કરતાં શીખે એતો નાના અર્પણમાંથી પણ મોટો લાભ મેળવી શકીએ એમાં કાંઇપણ શક નથી. કારણ કે બધુંઓ, યાદ રાખજો કે જમાનાના દોષથી આપણે બદલાઈ ગયાં છીએ. પણ કાંઇ પ્રભુ બદલાઈ ગયા નથી. તે તો જેવા સુદામાજીના વખતમાં દયાળુ હતા તેવા ને તેવા દયાળુ હજી પણ છે. સુદામાજીના વખતમાં તે જેવા આનન્દ સ્વરૂપ, હમણાં પણ છે. અને હમેશાં એવાજ રહેશે, માટે

યાદ રાખજો કે જમાનો ફરી જવાથી પ્રભુમાંથી કંઇ ભર્યું નથી. પણ આપણામાંજ મોળાપણું તથા અશ્રદ્ધા આવી ગએલી છે. અને આપણેજ સ્વાર્થી બની ગએલા છીએ. તેથી આપણાં અર્પણોનો જેવાં જોઇએ તેવાં મોટાં ફળો મળતાં નથી. માટે જો સાચું અર્પણ કરતાં શીખવું હોય અને તેનાં મોટાં ફળો મેળવવાં તો આપણે સુદામાજીને પેઠે દાનતાથી, પ્રેમથી, માનથી, જ્ઞાનથી, અને ભાવથી સર્વ-સ્વ અર્પણ કરતાં શીખવું જોઇએ. તોજ એ અર્પણ ફળી ભુત થઇ શકે.

ભક્તરાજ સુદામાજીના ચપટી ચોખાનું અર્પણ પણ પ્રભુએ સ્વીકાર્યું અને એના બદલામાં મોટા લાભ આપી દીધા તેનું બીજું પણ એક કારણ છે અને તે એ કે જયાં સુધી જીવ નબળો હોય, ધર્મના કર્મમાં ઢીલો હોય, અને માયામાં ફસાઇ પડે તેવો હોય, ત્યાં સુધી દયાળુ પ્રભુ ભક્તોના ઉપર દયા કરીને તેઓને જેમાંથી મોહ ઉત્પન્ન થાય એવું ધન આપતા નથી, પણ જયારે તેને ધનનો મોહ થાય નહીં પણ તેને બદલે ધનનો સારામાં સારો ઉપયોગ કરી શકે ત્યારેજ પ્રભુ તેને ધન આપે છે. આ બાબત સમજવાથી સુદામાજી જેવા મહાન્ ભક્ત પણ કેમ દરિદ્રી રહે છે તેનો ખુલાસો થઇ શકે છે કારણ કે જયારે ખરે ખરો મોહનો વખત આવ્યો ત્યારે નારદજી જેવા મહાન્

ભક્ત પણ મોહિની રૂપમાં ફસાઈ ગયા હતા અને ઇંદ્ર જેવા મહાન્ દેવો તથા વિશ્વામિત્ર જેવા મોટા ઋષિઓ અને મત્સેન્દ્રનાથ જેવા મોટા યોગીઓ પણ સ્ત્રીઓના તથા ધનના મોહમાં મોહવાઇ ગયા હતા. એટલું જ નહીં પણ શિવ બ્રહ્માદિક પણ મોહમાં પડી ગયા હતા ત્યારે કલિયુગના વખતનાં નબળા મનનાં માણસો સમૃદ્ધિના મોહમાં ફસાઇ જાય તો એમાં કાંઇ નવાઇ નથી. એ તદન બનવા જોગ છે. માટે એવા મોહમાંથી, અરે કહો કે, એવી આફતમાંથી બચાવી લેવા સારૂ, દયાળુ પ્રભુ ભકતોની શરૂઆતની જોખમ ભરેલી સ્થિતિ વખતે મોહનાં સાધનોથી તેઓને દુર રાખે અને પછી જ્યારે મોહ થાય નહીં એવી ઉત્તમ સ્થિતિ થાય ત્યારે તેઓને વૈભવ આપે છે એટલે તે વૈભવો ત્હેનાથી જીરવી શકાય છે અને ત્હેનો સદ્ ઉપયોગ કરી શકાય છે. અને એમાંથી વધારે કલ્યાણ સાધી શકાય છે. માટે ભકતોને પ્રભુ દરિદ્રતા આપે એમાં પણ તેની ખુબી છે. અને ભકતોને પ્રભુ વૈભવ આપે તેમાં પણ તેની ખુબી છે. આવી રીતે ભકતોના દરેક ચરિત્રમાંથી પ્રભુનો મહિમા સમજતાં શીખવું જોઇએ.

હરિજનો, આપણે સૌ સુદામાને દરિદ્રી કહીએ છીએ, પણ જરા વિચાર તો કરો કે ખરા દરિદ્રી કોણ? આપણે કે સુદામાજી? કારણ સુદામાજી માત્ર એક ધનની બાબત-

માંજ દરિદ્રી હતા. પણ કંઇ જ્ઞાનમાં દરિદ્રી નહોતા, ધ્યાનમાં દરિદ્રી નહોતા, તપમાં દરિદ્રી નહોતા, શ્રદ્ધામાં દરિદ્રી નહોતા, સંતોષમાં દરિદ્રી નહોતા, પ્રેમમાં દરિદ્રી નહોતા, વૈરાગ્યમાં દરિદ્રી નહોતા, સત્યમાં દરિદ્રી નહોતા, અને ભકતોમાં બીજા જે જે મહાન્ સદ્ગુણો જોઇએ તેવા દૈવી સંપત્તિના સદ્ગુણોમાં કાંઇ દરિદ્રી નહોતા. પણ માત્ર એક ધનમાંજ દરિદ્રી હતા અને એ દરિદ્રીપણું પણ તેમની શોભાને માટે તથા તેઓના કલ્યાણને માટે હતું, પણ બંધુઓ એને બદલે આપણે માત્ર ધનમાંજ સમૃદ્ધિવાળા છીએ પણ તપમાં, જ્ઞાનમાં, ધ્યાનમાં, દયામાં, પરોપકારમાં, સત્ય પાળવામાં, બ્રહ્મચર્યમાં, પ્રેમમાં, સંતોષમાં, ત્યાગમાં, અને એવાજ બીજા અનેક સદ્ગુણમાં આપણે ખરેખર ખરા અને પુરેપુરા દરિદ્રી છીએ અને તેથીજ આપણી ભક્તિ ફળીભૂત થતી નથી. અને આપણા અર્પણો મંજુર થતા નથી. માટે આપણે અર્પણ કરેલી વસ્તુઓ પ્રભુ સ્વીકારે એમ જો આપણી ઇચ્છા હોય તો આપણે સદ્ગુણોની બાબતમાં દરિદ્રી રહેવું જોઇએ નહીં. કારણ કે ઇશ્વરની હજુરમાં ધનની દરિદ્રતા ચાલી શકશે પણ સદ્ગુણની દરિદ્રતા ચાલી શકે તેમ નથી માટે જો ખરા ભક્ત થવું હોય અને દયાળુ પ્રભુની પાસેથી જલદી તથા પ્રત્યક્ષ લાભ મેળવવો હોય તો જેમ બને તેમ સારામાં સારા સદ્-

ગુણો મેળવો. અને સુદામાજી દરિદ્રી હતા તેમ નહીં સમ્જ
જતાં આપણે જ ખરા દરિદ્રી છીએ એમ સમજતાં શીખો.
કારણ કે સુદામાજી તો માત્ર એક ધનની બાબતમાં જ
દરિદ્રી હતા પણ આપણે તો આપણા કલ્યાણોના સાધનો-
ની બાબતમાં દરિદ્રી છી એ એટલું જ નહીં પણ યાદ રાખજો
કે ધનની દરિદ્રતા કાંઇ પ્રભુને ઘેર નડતી નથી પણ સદ્ગુ-
ણોની દરિદ્રતા નડે છે. માટે કદી ધનમાં દરિદ્રી રહેવાય
તો ફીકર નહીં. પણ ભક્તિમાં તથા જ્ઞાનમાં અને તેનાં
અંગત સાધનોમાં દરિદ્રી ન રહેવાય તે સંભાળજો.

બંધુઓ! સુદામાજીના ચરિત્રનો આધ્યાત્મિક અર્થ
બહુ ઉંડો છે અને તે બહુ વિસ્તારથી કહેવા લાયક તથા
બહુ ઉંડાણથી સમજવા લાયક બાબત છે પણ એ વાત
જરા અઘરી છે, સાધારણ બુદ્ધિનાં માણસોથી તે સહેલા-
ઇથી સમજી શકાય તેમ નથી. માટે આ ઠેકાણે વિવેચન
નહીં કરતાં ટુંકામાં જણાવીશ કે मुडकोपनिपद्‌માં જીવ
તથા ઈશ્વરનાં સ્વરૂપ વિષે વર્ણન કરેલું છે તેમાં કહ્યું છે કે,
એક ઝાડ ઉપર બે પક્ષી બેઠેલાં છે તેમાં એક પક્ષી ફળ
ખાય છે અને બીજું પક્ષી ખાતું નથી, પણ બેઠું બેઠું
જોયા કરે છે. તેમાં જે ફળ ખાય છે તે શોકાતુર થાય છે
અને શક્તિહીન તથા દીન થઇ જાય છે અને જે પક્ષી ફળ
ખાતું નથી તે આનંદમાં રહે છે. પછી જ્યારે ફળ ખાનારૂં

પછી પોતાની સાથેનાં બીજાં પંખીને જોય છે અને તેનો મહીમા સમજે છે ત્યારે તે શોક વિનાનું થાય છે.

આજ વાતનો સાર તે સુદામાજી અને શ્રી કૃષ્ણ ભગવાન્ છે. એ બન્ને મિત્રો છે. અને તેમ છતાં સુદામાજી દરિદ્રી છે અને ઇશ્વર મહાન્ અખંડ ઐશ્વર્યવાળા છે; મતલબ કે જ્યાં સુધી પ્રભુના મહીમા ન સમજાય ત્યાં સુધી જીવ અલ્પજ્ઞ છે, દુઃખી છે, દરિદ્રી છે, પણ વસ્તુઓ પ્રભુને અર્પણ કરતાં શીખે ત્યારે પ્રભુના પ્રતાપે તે શોક રહિત તથા દરિદ્રતા રહિત થઇ જાય છે. માટે દરિદ્રતામાંથી, રોગમાંથી, દુઃખમાંથી, અને મોતના ભયમાંથી છુટવાસારૂ આપણે પરમ કૃપાળુ પિતા પરમાત્માનું શરણ પકડવું જોઇએ, અને આપણી વ્હાલી વસ્તુઓ પ્રેમ પૂર્વક તેને અર્પણ કરતાં શીખવું જોઇએ. જો એ આવડે તો એમાંથી ઘણુંએ કલ્યાણ થઈ શકે તેમ છે.

ભાઇઓ અને બ્હેનો, મહાત્મા શ્રી સુદામાજીના ચરિત્રમાંથી આવા ઘણાએ ઉપદેશો લેઇ શકાય તેમ છે. માટે આપણી સ્થિતિના પ્રમાણમાં, આસપાસના સંજોગાના પ્રમાણમાં, દેશકાળના પ્રમાણમાં, આમાંથી જે બાબત આપણને રૂચે તથા આપણાથી બની શકે એવી આપણે સ્વીકારવી જોઇએ. અને તે પ્રમાણે ચાલવાની કોશેષ કરવી જોઇએ. ઇશ્વર સૌને સદ્બુદ્ધિ આપો તથા એવું બળ આપો.

# ભકત સુદામાનું જય કીર્તન.

( ધોરા ભક્તના પદની ધૂન. )

એ તો એઠ સુદામા રે !
સાચા બ્રહ્મભોગી થયા. હોજી !
જેણે તાંદુલ રહામા રે !
શ્રીકૃષ્ણને ચરણે ધર્યા. હોજી !
ભક્ત ટેકિલા અભયથી, હો !
પ્રભુ શું રમતાં હોડ.
એક સવાઇ કર્યા કરે, ત્યાં—
બીજા વાળે હહોડ !!
અમોલ અદ્દભુત કામા, રે !
રસિયાં જનનાં પ્રભુતા ભર્યાં હોજી !
બન્ધુતાને બેડલે, હો !
બેલડિયે સમ્બન્ધ,
ઝૂકી સંસારે ઝૂઝતાં—
એ સંત:જ સ્વજન અબન્ધ !!
વ્હાલાંને વિસામા, રે !
દેનારાં દીનભાવે ભર્યાં. હોજી !

લલિત.

समाप्त.

નડીઆદ "ન્યુ" ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં માલેકને માટે
પા. મોતીભાઈ છવાભાઈએ છાપ્યું.